પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૧૯ ૮ જુલાઈ, ૨૦૧૮, રવિવાર; નિજ. જેઠ વદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦











## JEE (Mains), NEET વર્ષમાં બે વખત યોજાશે

નવી દિલ્હી, તા.૭

કેન્દ્ર માનવ સંસાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકરે આજે જાહેરાત કરી હતી કે હવે નેશનલ ટેસ્ટીંગ એજન્સી (એનટીએ) દ્વારા એનઈઈટી, જેઈઈ અને નેટની પ્રવેશ પરીક્ષા લેવામાં આવશે. આ તમામ પરીક્ષા હજુ સુધી સીબીએસઈ દ્વારા લેવામાં આવતી હતી. હવે જેઈઈ મેન્સ અને નીટની પરીક્ષા વર્ષમાં બે વખત યોજવામાં આવશે. આ ઘોષણા નવા શૈક્ષણિક સત્રથી અમલી કરી દેવામાં આવશે.

પત્રકાર પરિષદમાં વાત કરતા જાવડેકરે કહ્યું હતું કે નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (નેટ) ડિસેમ્બરમાં યોજાશે. જેઈઈ મેન્સની પરીક્ષા જાન્યુઆરી અને એપ્રિલમાં યોજાશે. એનઈઈટીનું આયોજન ફેબ્રુઆરી અને મે મહિમાં કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે વિદ્યાર્થી એનઈઈટી માટે બે વખત ઉપસ્થિત થઈ શકે છે. સૌથી વધારે નંબર લાવનારને એડમિશન માટે પસંદ કરવામાં આવશે. જેઈઈ મેન્સ માટે પણ ઉમેદવારો બે વખત ઉપસ્થિત થઈ શકશે. કેન્દ્રિય મંત્રીએ કહ્યું હતું કે આ તમામ પરીક્ષા કોમ્પ્યુટર આધારિત હોય છે અને વિદ્યાર્થીઓ ઘરે જ આની તૈયારી કરી શકે છે.










